ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 3rd March, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

### લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"ની ખરા અર્થે ઉજવણી

## જીલ્લાના ૨૩૪ વિદ્યાર્થીઓ જાતે રોકેટ બનાવી અબ્દુલ કલામ બન્યા.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભારત દેશના મહાન વૈજ્ઞાનિક અને એશિયા ખંડના પ્રથમ નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. સી. વી. રામન દ્વારા કરવામાં આવેલ શોધ 'રામન ઈફેક્ટ'ની યાદ રૂપે સમગ્ર ભારત દેશમાં ૨૮ ફેબ્રુઆરીને **"રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"** તરીકે ઉજવવામાં આવે છે.

આ ઉજવણીના ભાગરૂપે તા. ૨૫.૨.૨૦૧૭ થી તા. ૧.૩.૨૦૧૭ સુધી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વી. એલ. માંગુકિયા માધ્યમિક શાળા, માળવાવ, તા. મહુવા, મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ, તા. સિહોર, આર્યકુળ કન્યા વિદ્યાલય, ભાવનગર, સહજાનંદ વિદ્યાલય અને ગોલ્ડન ટુમોરો હાઇસ્કુલ, ભાવનગરના વિદ્યાર્થીઓ માટે ડૉ. સી. વી. રામન અને તેમની શોધ 'રામન ઈફેક્ટ' વિષે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. આ વ્યાખ્યાન દ્વારા વિદ્યાર્થીઓ ડૉ. સી. વી. રામનના સરળ અને શ્રેષ્ઠ જીવન, રામન ઈફેક્ટ અને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનું મહત્વ સમજી શકે તેવો પ્રયાસ કરવામાં આવેલ. આ વક્તવ્યમાં મુખ્ય વક્તા તરીકે પ્રો. સુભાષભાઈ મેહતા (નિવૃત પ્રાધ્યાપક, સર પી.પી. સાયન્સ કોલેજ, ભાવનગર) અને ડૉ. દીપક પંડ્યા (વિજ્ઞાન શિક્ષક, ઘરશાળા સંસ્થા, ભાવનગર)એ પોતાના વક્તવ્યો દ્રશ્ય શ્રાવ્ય અને વીડિઓ દ્વારા સમજાવેલ.

ઉપરાંત વિદ્યાર્થીઓ માટે મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન શ્રી વી. એલ. માંગુકિયા માધ્યમિક શાળા, માળવાવ, તા. મહુવા, મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ, તા. સિહોર અને ગોલ્ડન ટુમોરો હાઇસ્કુલ, ભાવનગરમાં કરવામાં આવેલ. જેમાં ભારત દેશ માટે ગર્વ સમાન ઉમદા રોકેટો વિષે માહિતી આપી સર આઈઝેક ન્યુટન દ્વારા અપાયેલ 'આઘાત અને પ્રત્યાઘાત' નિયમ આધારિત રોકેટના કાર્ય કરતા મોડેલ વિદ્યાર્થીઓ પાસે બનાવડાવીને તેમણે બનાવેલા રોકેટોનું તેમના દ્વારા પ્રક્ષેપણ કરાવવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમમાં કુલ મળીને ૯૮૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન શાળાના આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફનો પુરતો સાથ સહકાર મળેલ. જે વિગતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેનશ્રીની યાદી મુજબ જણાવેલ.

3.3.'17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.